# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

મહેકમ-બ

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૨૦

ફેક્સ નં.:(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ :estab@sauuni.ac.in


Azadi Ka Amrit Mahotsav

ન.મહેકમ/બ/૪/૭૨૯-૯૩/૨૦૨૨ તા. ૧૩-૦૯-૨૦૨૨

સંદર્ભ:- ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના તા.૨૫-૦૮-૨૦૨૨ ના પરિપત્ર ક્રમાંક : સરય/ ૨૦૦/૬૭૬/ખ-૨, સચિવાલય, ગાંધીનગર

પરિપત્ર:-

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગના વડાઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટી સ્થિત વિવિધ સેન્ટર્સ/ચેર્સ/હોસ્ટેલ્સનાં વડાઓને જણાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત સંદર્ભમાં દર્શાવેલ પરિપત્રથી શિક્ષણ વિભાગ હસ્તકની યુનિવર્સિટીઓની રજુઆત/દરખાસ્ત કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી દ્વારા સરકારશ્રીમાં રજૂ કરી શકે તે માટેની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ઉક્ત પરિપત્રની નકલ આ સાથે સામેલ છે, જે ધ્યાને લેવા વિનંતી.

કુલસચિવ

પ્રતિ,
યુનિવર્સિટીનાં તમામ વિભાગ/ભવન/સેન્ટર્સનાં વડાઓ

નકલ સાદર રવાના:-

૧. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી

E/ESTA-2022/A4/80
BHALIYA

કુલસચિવ કાર્યાલય
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
ઈનવર્ડ નંબર 40481
તારીખ 26/8/2022

શિક્ષણ વિભાગ હસ્તકની યુનિવર્સિટીઓની રજૂઆત/દરખાસ્ત કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી દ્વારા સરકારશ્રીમાં રજૂ કરવા બાબત.

* કુલપતિ *
40481
29 AUG 2022
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃસરય/૨૦૦/૬૭૬/ખ-૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 25 AUG 2022

Establishment - B
Inward No. 20258
Date : 26/8/22
29 AUG 2022
Sau. Uni. Rajkot

પરિપત્ર :

શિક્ષણ વિભાગ હસ્તકની રાજયની સરકારી યુનિવર્સિટીઓને લગતી અનુદાન (ગ્રાન્ટ) અંગેની કામગીરી, મહેકમ, શૈક્ષણિક મંડળોની રજૂઆતો, કોર્ટકેસને લગતી બાબતો, સેવાસળંગ, કુલપતિઓના વિદેશ પ્રવાસ જવા અંગે એન.ઓ.સી.ને લગતી બાબતો, સેનેટ/સિન્ડીકેટના સભ્યોની નિમણૂક, રજીસ્ટ્રારની નિમણૂક વગેરે જેવી બાબતે યુનિવર્સિટી ધ્વારા સીધી વિભાગ ખાતે દરખાસ્ત કરવામાં આવે છે.

યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતી ઉપર મુજબની રજૂઆતો/દરખાસ્તો પરત્વે દરખાસ્તને સંબંધિત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, નાણા વિભાગ, આરોગ્ય વિભાગ, માર્ગ અને મકાન વિભાગ કે મહેસૂલ વિભાગના પરામર્શમાં સરકારશ્રી સમક્ષ રજૂ કરીને નિર્ણય લેવાનો રહે છે. પરંતુ, અનુભવે જણાયુ છે કે યુનિવર્સિટી દ્વારા રજૂ થતી દરખાસ્તોમાં દરખાસ્તને લગતી પૂરતી ચકાસણી, તે કેસને લગતી અગાઉ હાથ ધરાયેલ કામગીરી, સંલગ્ન કોર્ટ કેસોની માહિતી, આધાર પુરાવા સાથે, તેમજ યુનિવર્સિટી પાસે કેસ સબંધિત માંગેલ માહિતી/સ્પષ્ટતા વગેરે સાથે રજૂ થતા નથી. જેથી વહીવટી નિર્ણય લેવામાં ક્ષતિઓને અવકાશ રહે છે. વધુમાં, રાજયની સરકારી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતી દરખાસ્તો/રજુઆતો પરત્વે ઉચ્ચ કક્ષાએથી ત્વરિત ફોલો-અપ લેવામાં આવે છે. આ તમામ બાબતો ધ્યાને લેતા દરખાસ્તો/રજુઆતોની પૂરતી ચકાસણી, અભ્યાસ બાદ અને જે તે રજૂઆત પરત્વે જરૂરી પૂર્તતા મેળવી કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણના સ્વયંસ્પષ્ટ અભિપ્રાય સાથે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી મારફતે સરકારશ્રીમાં રજૂ થાય તે વહીવટના હિતમાં છે. આથી, રાજયની સરકારી યુનિવર્સિટીઓએ વિભાગને સીધેસીધી દરખાસ્ત ના કરતા ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી મારફતે રજૂ કરવાની રહેશે.

મહેકમ-બી
હેડ કિલાર્ક
કાર્યવાહી

VC

Scanned with CamScanner

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી તેમને રજૂ થતી આવી રજૂઆત/દરખાસ્ત પરત્વે રજૂઆત/દરખાસ્તને લગતી અગાઉ હાથ ધરાયેલ કામગીરી, સંલગ્ન કોર્ટ કેસોની માહિતી, આધાર પુરાવા સાથે, તેમજ યુનિવર્સિટી પાસે કેસ સબંધિતં માંગેલ માહિતી/સ્પષ્ટતા વગેરે સાથે ચકાસણી કરી તેઓના સ્વયંસ્પષ્ટ અભિપ્રાય સાથે સરકારશ્રીમાં રજૂ કરવાની રહેશે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(બી.એસ.પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, બ્લોક-12/2, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, શિક્ષણ વિભાગ હસ્તકની રાજયની તમામ સરકારી યુનિવર્સિટીઓ **(ઉ.શિ. કમિ. કચેરી મારફત).**
- શાખા સિલેકટ ફાઇલ/ના.સે.અ. સિલેકટ ફાઇલ.

---

ક્રમાંક : ISC-7/પરિપત્ર/૨૦૨૨/3552-3554
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લૉક નં.૧૨, બીજો માળ,
ગુ.રા.,ગાંધીનગર.
તા.૨૫.૦૮.૨૦૨૨.

નકલ રવાના જાણ તથા અમલીકરણ સારૂ :-

૨/- સરકારશ્રીના શિક્ષણ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : સરય/૨૦૦/ ૬૭૬/ખ.ર. તા.૨૫.૦૮.૨૦૨૨ના પરિપત્રમાં જણાવ્યા મુજબ નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંયુકત કમિશનર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર.

પ્રતિ,

⇒ રજીસ્ટ્રારશ્રી, તમામ, શિક્ષણ વિભાગ હસ્તકની રાજયની સરકારી યુનિવર્સિટીઓ.....
⇒ હુકમ ફાઈલે.

નકલ સવિનય રવાના જાણ સારૂ :

⇒ ઉપ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Scanned with CamScanner